રમઝાન ઉમરાહ રૂા.૭૦,૦૦૦/-
IATA Accredited Agent
ઉમરાહ વિઝા ફોર સુપ
શ્રી સ્ટાર હોટલમાં
હજ્જ ૨૦૧૦નું બુકિંગ માટે મળો.
રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
કાકી સેન્ટર્સ, ટોલ પોલ, ખંભાતી, કાલુપુર, અમદાવાદ-૧.
ટેલિફોન: ૨૨૧૦૦૦૦૦, ૨૨૧૦૦૦૦૦ ★ www.hajindia.com
(M) ૯૪૨૬૫૭૯૯૦૦, ૯૮૯૮૦૯૯૯૮૦

લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા પોતાની આગવી સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિધ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY

E-mail : gujarattoday@yahoo.com ● gujarattodaydaily@gmail.com
info@gujarattodaydaily.com ● News Web : www.gujarattoday.in

AHMEDABAD

દાંત...મોતી જેવા અનમોલ
હાશમ મનજી પદમસી સૂરમાવાલા
Call: 23462000 /01 www.khojati.com

Regd. No.Guj.168/2000 ● RNI No. 48870/91 ● વર્ષ-૨૦ અંક-૨ ● ૧૭ શાબાન હિજરી ૧૪૩૧ ● અષાઢ વદ ચોથ સંવત ૨૦૬૬ ● શુક્રવાર તા.૩૦-૭-૨૦૧૦ ● 30 JULY 2010 ● PAGES 12 ● PRICE Rs 3.00

જોહરીને CBIનું સમન્સ : મોદીને પણ તેડું આવશે ?

અમિત શાહની પૂછપરછમાં આવેલી કોઈ વિગત બાદ મુખ્યમંત્રીને સમન્સ પાઠવવા ઘડાઈ રહેલો તખ્તો

નરેન્દ્ર મોદીની પૂછપરછનો તખ્તો ઘડાય તેવી શકયતા છે.

સોહરાબુદ્દીનના નકલી એન્કાઉન્ટર અને કૌસરબીની હત્યાની તપાસ કરી રહેલી સીબીઆઈએ ગત રવિવારે પૂર્વ ગૃહમંત્રી અમિત શાહની ધરપકડ કરી બીજા જ દિવસે વ્યક્ત કરી રહ્યાં છે કે હવે અમિત શાહ પછી તપાસનો રેલો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર પણ આવી શકે છે અને તેઓની સીબીઆઈ પૂછપરછ કરે તેવી શકયતા છે.

સોહરાબ એન્કાઉન્ટર કેસની તપાસ જ્યારે સીઆઈડી ક્રાઈમ કરી રહી હતી. ત્યારે તેના વડા જી.સી. રાયગર હતા તેઓના આવ્યા બાદ સીબીઆઈએ પી.સી. પાન્ડેને ૧૧મી ઓગસ્ટ સુધીમાં હાજર થવા સમન્સ પાઠવ્યું છે, આ પૂર્વ ઓ.પી. માથુરને પણ સમન્સ પાઠવવામાં આવ્યું છે પરંતુ તેઓ માતાની તબીયતનું બહાનું ધરી હાજર થયા નથી ત્યાં જ આજે પૂર્વ તપાસ અધિકારી

ત્રણથી ચાર વાર સી.બી.આઈ.નો સામનો કરી ચુકેલા ગીથા જોહરીને ૧૦મી સુધી હાજર થવા ફરમાન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસ અને કૌસરબીની હત્યા કેસમાં અમિત શાહની ધરપકડ અને અન્ય કેટલાક સાક્ષીઓની પૂછપરછ દરમ્યાન બહાર આવેલી વિગતો બાદ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પણ સીબીઆઈ સમન્સ પાઠવી શકે છે તેવી અટકળો વચ્ચે ભાજપ મોરચે સ્તબ્ધતાનો માહોલ છે. રાજયના પૂર્વ પોલીસવડા પી.સી. પાન્ડેને સમન્સ જારી કરાયા બાદ સોહરાબ એન્કાઉન્ટર કેસના પૂર્વ તપાસ અધિકારી ગીથા જોહરીને પણ સમન્સ પાઠવી દસમી ઓગસ્ટ સુધીમાં હાજર થવા જણાવાયું છે. આ બન્નેની પૂછપરછ બાદ ૧૫મી ઓગસ્ટ પછી મુખ્યમંત્રી

લંડનમાં આઈ.પી.એસ.ની ટ્રેનિંગ પૂરી કરી સ્વદેશ પરત ફરતાં જ સી.બી.આઈ. સમક્ષ હાજર થવું પડશે

સીઆઈડી ક્રાઈમના પૂર્વ વડા જી.સી. રાયગરની કલાકો સુધી પૂછપરછ કરી હતી.

જી.સી. રાયગરે સોહરાબ કેસની તપાસ દરમ્યાનના ઘટનાક્રમ તથા તેઓ પર કોનું શું દબાણ હતું તે અંગે આપેલ નિવેદન બાદ સી.બી.આઈ.એ અમિત શાહની પૂછપરછ માટે અદાલતની મંજૂરી મેળવી લીધી હતી. જે ગઈકાલથી શરૂ થઈ ચુકી છે અને બીજા દિવસે પણ અમિત શાહની પૂછપરછ થઈ છે. આ બે દિવસો દરમ્યાન થયેલી પૂછપરછમાં બહાર આવેલી કેટલીક વિગતો બાદ સીબીઆઈ વર્તુળો એવી અટકળો કાર્યક્રમ દરમ્યાન જ સુપ્રીમ કોર્ટમાં એકશન ટેકન રિપોર્ટ રજૂ થયો હતો જેની પ્રશંસા સુપ્રીમ કોર્ટ કરી ચુકી છે પરંતુ ત્યારબાદ એકાએક સરકારે રાયગરની બદલી કરી સીઆઈડી ક્રાઈમનો હવાલો ઓ.પી. માથુરને સોંપી દેવાયો હતો. તપાસ અધિકારી તરીકે ગીથા જોહરી જ રહ્યાં હતા. પરંતુ રજનીશ રાયે જે તપાસ કરી હતી તથા જે પુરાવા એકત્ર કર્યા હતા તેને રફેદફે કરવાનો આરોપ તેઓ પર છે અને આ ગતિવિધિમાં અમિત શાહ તથા રાજયના પૂર્વ પોલીસવડા પી.સી. પાન્ડે પણ સામેલ હોવાની વિગતો બહાર ગીથા જોહરીને ૧૦મી સુધીમાં હાજર થવા સમન્સ પાઠવાયું છે.

હાલ રાજકોટના પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવી રહેલા ગીથા જોહરી આઈ.પી.એસ. અધિકારીઓ માટેની ખાસ તાલીમ પૂર્ણ કર્યા બાદ લંડન ખાતે તેઓની ટ્રેનિંગ લઈ રહ્યાં છે.

૨૫મી જુલાઈથી લંડન પહોંચેલા ગીથા જોહરી આગામી ૬ઠ્ઠી ઓગસ્ટે સ્વદેશ પરત ફરી રહ્યાં છે તે જોઈને સીબીઆઈએ તેમને ૧૦મી ઓગસ્ટ સુધીમાં હાજર થવા સમન્સ પાઠવ્યું છે. ગીથા જોહરીની સીબીઆઈ અગાઉ મે માસમાં પણ બેથી ત્રણ વાર પૂછપરછ કરી ચુકી છે અને આ અંતિમ પૂછપરછ બાદ તપાસને આડે પાટે ચઢાવવા તથા પુરાવાઓ સાથે ચેડી કરવાના આરોપો સીબીઆઈ તેઓ સામે લગાવી શકે છે.

અમિત શાહની પૂછપરછ બહાર આવેલી કેટલીક વિગતો બાદ પૂર્વ પોલીસવડા પી.સી. પાન્ડે અને ગીથા જોહરીને સમન્સ જારી કરાયું છે આ બંનેની પૂછપરછ બાદ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પણ પૂછપરછ અર્થે સમન્સ પાઠવવામાં આવે તેવી શકયતા સૂત્રો વ્યક્ત કરી રહ્યાં છે.

અમિત શાહ ગૃહ રાજયમંત્રી હતા અને કેબિનેટ કક્ષાનો હવાલો નરેન્દ્ર મોદી પાસે

અનુસંધાન બીજા પાને

પૂછપરછમાં મોદીનું નામ આવવા મુદ્દે ટિપ્પણી કરવા કેન્દ્રનો ઈનકાર

(એજન્સી)નવી દિલ્હી, તા.૨૯

સોહરાબુદ્દીન શેખ નકલી એન્કાઉન્ટર કેસમાં ગુજરાતના પૂર્વ ગૃહ રાજયપ્રધાન અમિત શાહની સીબીઆઈ વડે કરાયેલી પૂછપરછમાં મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ આવવા વિશે કેન્દ્ર સરકારે આજે કોઈ ટિપ્પણી નહતી કરી. લઘુમતી સમુદાયને લગતી બાબતોના પ્રધાન સલમાન ખુરશીદે સંસદ ભવન પ્રાંગણમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું કે, કોઈપણ લોકશાહી માટે આ મુદ્દો ખૂબ જ સંકટપૂર્ણ છે તેથી કોઈપણ વાત અથવા કાર્ય ખૂબ જ સતર્કતા સાથે કરવું જોઈએ. આપણે કાયદાથી ઉપર કોઈ ટિપ્પણી ના કરવી જોઈએ. સર્વોચ્ચ અદાલતની દેખરેખ સર્વોપરી છે. સાર્વજનિક જીવનમાં હોવાના લીધે આપણે આ પ્રકારના કેસોમાં ટિપ્પણી ના કરી શકીએ. ખુરશીદ સીબીઆઈ તરફથી અમિત શાહની કરાયેલી પૂછપરછમાં મોદીનું નામ આવ્યું હોવા અંગેના અહેવાલો વિશે પૂછાયેલા સવાલોના જવાબ આપી રહ્યાં હતા. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં સીબીઆઈ અત્યાર સુધીમાં ગુજરાતના પૂર્વ ગૃહરાજય પ્રધાન અમિત શાહ, આઈપીએસ અધિકારી અભય ચુડાસમા તથા અર્હમ ફાર્મના માલિક રાજેન્દ્ર જીરાવાલાની ધરપકડ કરી ચુકી છે.

SALE
સમય: સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૩૦
કલા નિકેતન
ગોમ્બેવાલા
૨૦૧૦ જુલાઇ-ઓગષ્ટ-સપ્ટેમ્બર
થાઇલેન્ડ
૫ દિવસ ● રૂા. ૧૨૯૯૦/-
૩ સ્ટાર હોટલ પેકેજ
રહેવા - સાઇટ સીન-ટીકીટસાથે
૨૦૧૧ ઉમરાહ સ્પેશ્યલ ઓફર

	૧૫ દિ.	૨૦ દિ.
જુલાઇ	૨૫૦૦૦	૨૬૦૦૦
જુન	૨૫૫૦૦	૨૭૪૦૦
મે	૨૫૭૦૦	૨૮૯૦૦
એપ્રિલ	૨૭૦૦૦	૩૦૪૦૦
માર્ચ	૨૮૫૦૦	૩૨૦૦૦

રમઝાન ૩૦ દિવસ ૪૫૦૦૦ તા. ૧૦-૮-૧૦
રહેવા-જમવા-ટીકીટ વીઝા-લોન્ડ્રી સાથે બુકિંગ ચાલુ છે.
ટાચરવાલા ટ્રાવેલ્સ
સીટી પોઇન્ટ કોમ્પલેક્ષ, ભદ્ર, અમદાવાદ.
જુહાપુરા - ૯૦૯૯૯૩૨૩૫૫, જંબુસર - ૯૪૨૯૪૨૮૩૪૪, બરોડા - ૯૯૯૮૦૬૩૩૧૮,
ભરૂચ - ૯૭૩૭૨૩૩૭૯૬ ગોધરા - ૯૯૯૮૫૪૬૪૭૧, ભાવનગર - ૯૮૨૫૨૦૪૭૩૪

રમઝાન ઉમરાહ 2010
ખૂબ જ આકર્ષક દરે
સ્વાનગી : 27 શાબાન (8/8/2010) અથવા તે પછી
32 થી 35 દિવસ
દરવેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ અમદાવાદ 9825278654 / 9898278667
તવક્કલ ટુર્સ બરોડા 9898059972 / 9913388111

સચિનની ધમાકેદાર પાંચમી બેવડી સદી

(એજન્સી) કોલંબો, તા.૨૯

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરે કોલંબો ટેસ્ટમાં ધમાકેદાર બેવડી સદી ફટકારી ભારતનો પરાજય ટાળ્યો છે. સચિન ટેસ્ટ મેચોમાં પાંચ બેવડી સદી ફટકારનાર ત્રીજો બેટસમેન બની ગયો છે. આ પહેલાં ભારતનો રાહુલ દ્રવિડ અને પોન્ટિંગ પાંચ-પાંચ બેવડી સદી ફટકારી ચુકયા છે. આ સાથે જ સચિને મહાન બેટ્સમેન ડોન બ્રેડમેનના રેકોર્ડને તોડ્યો છે જયારે લારા વિક્રમની બરાબરી કરી છે. સચિને બ્રેડમેનના ૧૮ વાર ૧૫૦ રનથી વધારેની ઈનિંગનો રેકોર્ડ તોડી ૧૯ વાર ૧૫૦થી વધારે રન બનાવ્યા છે. લારાએ પણ ૧૯ વાર ૧૫૦થી વધુ રન બનાવ્યા હતા.

ટેસ્ટ ક્રિકેટમાં હાઈએસ્ટ ૧૨ બેવડી સદી ફટકારવાનો રેકોર્ડ મહાન બેટસમેન સર ડોન બ્રેડમેનના નામે છે. નવ બેવડી સદી સાથે વેસ્ટ ઈન્ડિઝનો બ્રાયન લારા બીજા સ્થાને છે જ્યારે સંગાકારા સાત બેવડી સદી સાથે ત્રીજા સ્થાને છે. ટેસ્ટ ક્રિકેટમાં સચિનની આ ૪૮મી સદી છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર ક્રિકેટ ઈતિહાસમાં સદીની મહાસદી પૂરી કરવાથી હવે ફકત છ પગલાં

અનુસંધાન બીજા પાને

માસ્ટર બ્લાસ્ટરની બેવડી સદી

વર્ષ	વિરૂદ્ધ	રન
૨૦૦૪	બાંગ્લાદેશ	૨૪૮
૨૦૦૪	ઓસ્ટ્રેલિયા	૨૪૧
૧૯૯૯	ન્યુઝીલેન્ડ	૨૧૭
૨૦૦૦	ઝિમ્બાબ્વે	૨૦૧

સચિને બ્રેડમેનનો રેકોર્ડ તોડ્યો, લારાના વિક્રમની બરાબરી

કોમનવેલ્થ ગેમ્સમાં ઈસ્લામિક છાંટ ઈચ્છતો મંત્રીઓનો સમૂહ

ભારતના ઈતિહાસમાં ઈસ્લામની ઊંડી અસર હોવાથી કરાયેલું સૂચન

(એજન્સી)નવી દિલ્હી, તા.૨૯

કોમનવેલ્થ ગેમ્સના ઉદ્ઘાટન અને સમાપન સમારંભમાં ''ભારતીય ઈતિહાસ પર ઈસ્લામની અસર'' અંગેનો કોઈ કાર્યક્રમ સામેલ નહીં કરાતા મંત્રીઓના સમૂહને કોઈ આશ્ચર્ય થયું ન હતું.

શહેરી વિકાસ પ્રધાન જયપાલ રેડ્ડી, પર્યટન મંત્રી કુમારી સેલજા અને નાણા રાજ્ય પ્રધાન નમો નારાયણ મીનાના બનેલા મંત્રીઓના સમૂહના અનુસાર ભારતીય ઈતિહાસ પર ઈસ્લામની ઊંડી અસર છે, જેથી આવા રમોત્સવમાં તેનો સમાવેશ જરૂરી છે. ઉદ્ઘાટન સમારંભ અને સમાપન સમારંભની સમીક્ષા બાદ સમૂહ ઉકત આકલન પર પહોંચ્યું હતું.

ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલ, ગીતકાર પ્રસૂન જોષી અને જાવેદ અખ્તરના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય પરામર્શકો દ્વારા તૈયાર કરાયેલ સમારંભ પાછળ સરકારે કુલ રૂા.૩૦૦ કરોડનો ખર્ચ કર્યો છે.

સમૂહે આ સમારંભમાં ઈસ્લામિક છાંટનો સમાવેશ કરવાનું સૂચન કર્યું હતું.

વિદેશી મુદ્રા બજાર

અમેરિકન ડોલર	૪૬.૫૫
સ્ટર્લિંગ પાઉન્ડ	૭૨.૮૦
યુરો	૬૦.૮૮

(રાત્રે ૮:૩૦ સુધીના ભાવ)

દેશમાં ફરીવાર ચિત્તાની ગર્જના સંભળાશે

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૯

શિકારને કારણે ભારતના જંગલોમાંથી લુપ્ત થયેલા ચિત્તા હવે ફરીથી અહીં દેખાશે. સરકારે વન્યજીવ સંગઠનોની એવી દરખાસ્તોને સ્વીકારી લીધી હતી કે દીપડાને મધ્યપ્રદેશના બે અભ્યારણ્યો અને રાજસ્થાનના શાહગઢ ક્ષેત્રમાં ફરીથી પુનઃવસન કરાવી શકાશે. આ માટે ચિત્તાને આફ્રિકા, ઈરાન અને મધ્ય પૂર્વમાંથી આયાત કરવામાં આવશે. સરકાર ત્રણ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. જેથી ચિત્તા આયાત અગાઉ અભ્યારણ્યોને અનુકૂળ બનાવી શકાય. પર્યાવરણ પ્રધાન જયરામ રમેશે જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી ઝડપી ગતિએ દોડનાર ચિત્તાને ફરીથી ભારતમાં લાવવાથી ફાયદો થશે. નિષ્ણાંતોનું માનવું છે કે,

અનુસંધાન બીજા પાને

કયા બાત હૈ?!

સાહેબ, મારી બૈરી પૂરમાં તણાઈ ગઈ છે ! નવી બૈરી વસાવવા માટે સરકાર તરફથી મને સહાય મળે કે નહીં ?

-જામી

ગુજરાત ટુડે
૧૯મા વાર્ષિક વિશેષાંકમાં આપની જાહેરખબર આપી સહયોગ કરો
'ગુજરાત ટુડે' દૈનિકના આગામી વાર્ષિક વિશેષાંકમાં આપ આપનાં ધંધા વ્યાપાર અને શુભેચ્છાની જાહેરખબર સત્વરે મોકલી આપીને સહકાર આપશો જ એવી અપેક્ષા છે. 'ગુજરાત ટુડે' ના વાંચકો ચાહકો અને શુભેચ્છકોને આ માટે ખાસ પ્રયાસો કરવા અમારી હાર્દિક અપીલ છે. આપ આપની જાહેરખબર અમારા સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી ખાતે સીધી પણ મોકલી શકો છો. આપની જાહેર ખબર ૩૧-૦૭-૨૦૧૦ના બપોરના ૨:૦૦ વાગ્યા સુધી મોકલી આપશો.
નોધ : વિશેષાંક ૧ ઓગસ્ટ રવિવારના રોજ પ્રસિધ્ધ થશે
વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન: ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧. ફેક્સ: ૨૫૩૫૮૦૬૦- ૨૫૩૨૬૨૭૩
E-mail : gujarattoday@yahoo.com, gtadvt@yahoo.co.in

ટ્રેડમાર્ક/કોપીરાઈટ સંબંધિત ચેતવણી નોટીસ
ખોજાતી સૂરમા
મુમતાઝ કાજલ
હાશમ મનજી પદમસી સૂરમાવાલા
KHOJATI